સ.શિ.પ. / જુલાઈ ૯૯ / ૧૦,૦૦૦

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા
## સત્સંગ પ્રવેશ
## પ્રશ્નપત્ર - ૧

**સવારે ૯ થી ૧૧:૧૫]** **(રવિવાર, ૧૮ જુલાઈ, ૧૯૯૯)** **કુલ ગુણ : ૭૫**

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

(વિભાગ - ૧ નીલકંઠ ચરિત્ર)

**પ્ર.૧. નીચેનામાંથી કોઈ પણ બે અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ''જ્યારે દુઃખ પડે, ત્યારે મને યાદ કરજે.''
૨. ''ખમ્મા, ખમ્મા મારા પુત્ર !''
૩. ''થાય તે કરી લે. હું આ બેઠો.''
૪. ''સ્વામી ! આ જે દીવાલમાં છિદ્ર છે તે સાધુના ધર્મમાં એક દિવસ છિદ્ર જરૂર પડાવશે.''

**પ્ર.૨. નીચેનામાંથી કોઈ પણ બે વિષે કારણ આપો. (બારેક લીટીમાં)** ૮

૧. રામાનંદ સ્વામી નીલકંઠવર્ણી પર બહુ રાજી થયા.
૨. નીલકંઠવર્ણીએ ભાજી તોડવાની ના પાડી.
૩. નીલકંઠે સેવકરામનો ત્યાગ કર્યો.
૪. લખુબાઈ રામાનંદ સ્વામીના આશ્રિત ન થયા.

**પ્ર.૩. નીચેનામાંથી કોઈ પણ એક વિષે મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** ૪

૧. નરસિંહ મહેતાને દર્શન.
૨. પોતાની વાણીને શાપ.
૩. લોજમાં ચમત્કારોની પરંપરા.

**પ્ર.૪. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૬

૧. રામાનંદ સ્વામીને સ્વપ્નમાં કોણે દીક્ષા આપી ?
૨. જનકપુરમાં ક્યા સરોવરને કાંઠે નીલકંઠ આવ્યા ?
૩. રઘુનંદનને સજીવન કરી વર્ણીએ શું કહ્યું ?





૪. નીલકંઠને પુલહાશ્રમનો માર્ગ કોણે બતાવ્યો ?
૫. નીલકંઠે રામાનંદ સ્વામી ઉપરનો પત્ર કોની સાથે કચ્છ મોકલ્યો ?
૬. ભારતમાં કેટલાં સ્વયંભૂ જ્યોતિર્લિંગ છે ?

**પ્ર.૫. નીચેનામાંથી કોઈ પણ એક વિષે ટૂંકનોંધ લખી તેનો ભાવાર્થ લખો. (બારેક લીટીમાં)** ૪

૧. રામાનંદ સ્વામીએ લાલજી સુથારને કહેલો વર્ણીનો મહિમા.
૨. ધર્મધુરાની સોંપણી.
૩. પુલહાશ્રમમાં આકરું તપ.

**પ્ર.૬. નીચેનાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો.** ૪

૧. પારણામાં ................ ની મૂર્તિની જગ્યાએ સૌને વર્ણીનાં દર્શન થયાં.
૨. સરયૂ નદીનું ઉદ્‌ગમસ્થાન ......................... છે.
૩. નીલકંઠ ......................... પાસે અષ્ટાંગ યોગ શીખ્યા.
૪. નીલકંઠ અને રામાનંદ સ્વામીનું પ્રથમ મિલન ............. ગામમાં થયું.

**(વિભાગ - ૨ સત્સંગ વાચનમાળા ભાગ-૧)**

**પ્ર.૭. નીચેનામાંથી કોઈ પણ બે અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ''અમારે તો ઝીણાભાઈને અક્ષરધામ આપવું છે.''
૨. ''તમારે હજુ ચમત્કાર જોવો છે ?''
૩. ''તમે ઝોલાં ખાતા હતા.''
૪. ''લ્યો, આ સુખડી, આજે તો સુખડીનું દાતણ કરો.''

**પ્ર.૮. નીચેનામાંથી કોઈ પણ બે વિષે કારણો આપો. (બારેક લીટીમાં)** ૮

૧. લાડુદાનજી મહારાજનું પારખું કરવા તૈયાર થયા.
૨. એભલ ખાચરે જીવુબાની માફી માંગી.
૩. શુકમુનિને ગુણાતીતાનંદ સ્વામીનો અલૌકિક મહિમા સમજાયો.
૪. ઝીણાભાઈએ અદીબા સાથે અબોલા લીધા.

**પ્ર.૯. નીચેનામાંથી કોઈ પણ એક વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** ૪

૧. દેવીદાન દેવાનંદ બન્યા.
૨. આશાભાઈનું સમર્પણ.
૩. અક્ષરપુરુષોત્તમ ઉપાસનામાં નિર્ગુણ સ્વામીનો ફાળો.

**પ્ર.૧૦. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** **૬**

૧. નીલકંઠ વર્ણીને જોઈને જોબનપગીને શો વિચાર આવ્યો ?

૨. જેઠા ભગત ક્યા મંદિરના કોઠારી હતા ?

૩. દેવાનંદ સ્વામીનાં કીર્તનો સંપ્રદાયમાં ક્યા નામે પ્રસિદ્ધ છે ?

૪. ડુંગરભાઈને વર્તમાન ધરાવતી વખતે શુકાનંદ સ્વામી શું બોલ્યા ?

૫. આશાભાઈને કોણે દીક્ષા આપી ? શું નામ પાડ્યું ?

૬. ઝીણાભાઈની નનામી કોણે ઉપાડી ?

**પ્ર.૧૧. નીચેનામાંથી કોઈ પણ એક વિષે ટૂંકનોંધ લખી તેનો ભાવાર્થ લખો. (બારેક લીટીમાં)** **૪**

૧. વડતાલમાં ફૂલદોલ ઉત્સવ.

૨. જીવુબાની ભક્તિ.

૩. બ્રહ્માનંદ સ્વામીની કવિત્ત્વશક્તિ.

**(વિભાગ - ૩ નિબંધ)**

**પ્ર.૧૨. નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર આશરે ૪૫ લીટીમાં નિબંધ લખો.** **૧૫**

૧. સાચા સ્વજન - પ્રમુખસ્વામી મહરાજ.

૨. ટી.વી : એક અભિશાપ.

૩. નીલકંઠના વનવિચરણનો હેતુ.

✿ ✿ ✿